# એક જ નંબરના બે ડ્રાઈવીંગ લાયસન્સ ઈસ્યું કરાયાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો

## હિંમતનગર આર.ટી.ઓ. કચેરી ધ્વારા ભુતકાળમાં બોગસ લાયસન્સ ઈશ્યુ કરવા બાબતે અગાઉ પણ ફરીયાદો પ્રકાશમાં આવી

ભિલોડા, તા.૨૧

સાબરકાંઠા જીલ્લા મથક ખાતે આવેલ હિંમતનગર આર.ટી.ઓ.કચેરી ધ્વારા બોગસ ડ્રાઈવીંગ લાયસન્સ ઈશ્યુ થયા હોવા અંગેની ફરીયાદો અગાઉ પણ પ્રકાશમાં આવી હતી ત્યારે તાજેતરમાં આવો જ એક કિસ્સો પ્રકાશમાં આવતાં હિંમતનગર આર. ટી. ઓ. કચેરીની કામગીરી બાબતે શંકા-કુશંકાઓ સેવાઈ રહી છે.

હિંમતનગર આર. ટી. ઓ. કચેરીમાં લાલીયાવાડી ચાલતી હોવાનું લોકમુખે ચર્ચાય છે. એક જ નંબરના બે લાયસન્સો ઈશ્યુ કરવા બાબતે સત્ય બહાર લાવવા સંદર્ભે હિંમતનગર રૂરલ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાઈ છે ત્યારે જોવાનું એ છે કે આ ગેરરીતી લાયસન્સ ધારકે પોતે કરી હતી કે આર. ટી. ઓ. કચેરીના અધિકારીઓ તેમાં સંડોવાયેલી છે તે બહાર આવે તેમ હોવાનું આધારભુત સુત્રો ધ્વારા જાણવા મળેલ છે. હિંમતનગર આર.ટી.ઓ. કચેરીમાં દોઢેક વર્ષ અગાઉ ૧૫ બોગસ લાયસન્સ ઈશ્યુ કરાયા હોવા અંગે આર.ટી.આઈ. કરવામાં આવ્યા બાદ વાહનવ્યવહાર કચેરીમાં ફરીયાદ કરાઈ પરંતુ કથીત સંડોવાયેલા કર્મચારીઓ આખાય પ્રકરણમાં ભીનું સંકેલવામાં સફળ પુરવાર થયા છે ત્યારે આજ દિન સુધી સત્ય બહાર આવ્યું નથી. આવા સંજોગોમાં એક જ નંબરના બબ્બે લાયસન્સ ધારકો હોવાની બીના બહાર આવી છે. હિંમતનગર આર.ટી.ઓ. કચેરી ધ્વારા ૧૩ ફેબ્રુઆરી ૨૦૧૩ ના રોજ જી. જે. ૦૯. ૨૦૧૩/૦૦૦૧૯૨૦ નંબરથી નારાયણભાઈ મગનભાઈ નાયી, રહે. દરામલી, તા.ઈડરના નામે લાયસન્સ ઈશ્યુ થયું હતું. બીજુ એ જ નંબરનું લાયસન્સ રૂબીના આર. ફકીર, રહે. સવગઢ, તા.હિંમતનગરના નામે ૧૭ નવેમ્બર ૨૦૧૩ના રોજ લાયસન્સ ઈશ્યુ થયું હોવા અંગે ઈકબાલભાઈ ઈબ્રાહિમભાઈ ફકીરે હિંમતનગર રૂરલ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ આપી આ લાયસન્સનો ક્યાં ક્યાં ઉપયોગ કરવામાં આવ્યો છે અને લાયસન્સ આરટીઓ કચેરીમાં કાઢવામાં આવ્યું છે કે અન્ય કોઈ જગ્યાએ તેની તપાસ કરી ગુનો નોંધવા માંગ કરાઈ છે.



**મોઢેરા સુર્યમંદિરના પ્રસિધ્ધ સુર્યકુંડની પાળે યોજાયો યોગ નિદર્શનનો અદભૂત નઝારો**

મહેસાણા જિલ્લાનુ ઐતિહાસિક મોઢેરા સુર્યમંદિર અને આપણી પૌરાણિક યોગ વિરાસતનો અનોખો સંગમ સર્જાયો હતો. મોઢેરા સુર્યમંદિરના પ્રત્યેક પત્થરો યોગના રંગે રંગાઈ ગયું હતું. યોગ દિવસની ઉજવણી અંતર્ગત જિલ્લા કલેક્ટર આલોકકુમારના સીધા માર્ગદર્શ હેઠળ બાળકો અને યોગ ગુરૂઓએ અદભૂત યોગાસનો કરી જનતાને મંત્રમુગ્ધ કરી દીધા હતા. સુપ્રસિધ્ધ સુર્યમંદિરના સાનિધ્યમાં સુર્યની આરાધના કરતા સુર્યનમસ્કાર અને યોગ નિદર્શનના કાર્યક્રમે લોકોને રોમાંચિત કર્યા હતા. વિશ્વભરમાં બેનમુન સ્થાપત્યનુ ગૌરવ પ્રાપ્ત ઐતિહાસિક ઈમારત સુર્યમંદિરમાં યોગ નિર્દશનનના કાર્યક્રમમા તલસ્પર્ષી બાબતોનુ ધ્યાન રાખી યોગ દિવસને યાદગાર બન્યો હતો.

મોઢેરા સુર્યમંદિર ખાતે યોજાયેલ યોગ નિદર્શન કાર્યક્રમમાં ૪૫૦ માધ્યમિકના વિધાર્થીઓ અને ૩૫૦ પ્રાથમિક શાળાના વિધાર્થીઓએ ભાગ લીધો હતો.

મહેસાણા જિલ્લામાં મોઢેરા ખાતે ઉજવાઈ ગયેલ યોગ દિવસની ઉજવણી અંગે વિગતો આપતાં જિલ્લા કલેકટર આલોક કુમારે જણાવ્યું હતું કે, ગુજરાતના પનોતા પુત્ર અને ભારતના લોકલાડીલા પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ ભારતની યોગ વિરાસતને વિશ્વ સમસ્તમાં આગવુ સ્થાન અપાવ્યું છે એનુ સૌ કોઈ ભારતવાસીને અદકેરુ ગૌરવ છે. ભારતમાં કોર્ણાકનું સુર્યમંદિર અને મોઢેરાનું સૂર્યમંદિર એમ માત્ર બે સુર્યમંદિરો આવેલા છે, ત્યારે મોઢેરા સુર્યમંદિરના પ્રાંગણમાં વિશ્વ યોગ દિવસની ઉજવણી કરીને સુર્યની ઉપાસના સાથે યોગના સમન્વયનો અનોખો કાર્યક્રમ આજે અમારા માટે અનોખો કાર્યક્રમ બન્યો છે.

અત્રે એ ઉલ્લેખનીય રહેશે કે, મોઢેરાના સૂર્યમંદિરનો સુર્યકુંડ એ માત્ર મોઢેરાના સુર્યમંદિરમાં જ જોવા મળતો અલભ્ય સુર્યકુંડ છે. આ સુર્યકુંડની પાળે યોગ નિદર્ષનનો અદભૂત નઝારો યોજાયો હતો.




**ખેડબ્રહ્મા નગરપાલિકા કર્મચારી હડતાલ પર ઉતર્યા**

ખેડબ્રહ્મા નગરપાલિકાના કર્મચારીઓ સાથે રોજમદાર કર્મચારી સવારથી જ નગરપાલિકા કંપાઉન્ડમાં હડતાલ પર ઉતર્યા હતા અને કામગીરીથી અળગા રહ્યા હતા.

## ભિલોડા તાલુકાના જાયલા ગામમાં ઉંટે બાળકને લાત મારતાં સારવાર દરમ્યાન બાળકનું મોત નિપજ્યું

ભિલોડા,તા.૨૦

ભિલોડા તાલુકાના જાયલા ગામમાં ઉંટએ માસુમ બાળકને લાત મારતાં સારવાર દરમ્યાન બાળકનું મોત નિપજતાં ઘેરા શોકની કાલીમા પ્રસરી છે. પોલીસ સ્ટેશન પી. એસ. ઓ. ઈન્દુબેન ગામેતીના જણાવ્યા મુજબ જાયલા ગામના બુધારામ મેરારામ રબારી, ઉં.વ. ૮ ને ઘર આંગણે ઉંટએ માસુમ બાળકને લાત મારતાં શરીર ઉપર ઈજાઓ થતાં સારવાર અર્થે અમદાવાદ સીવીલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. માસુમ બાળકનું સારવાર દરમ્યાન બુધારામ મેરારામ રબારીનું મોત નિપજતાં રબારી પરીવારમાં ઘેરા શોકની કાલીમા પ્રસરી હતી. ભિલોડા પોલીસએ સી. આર. પી. સી. ૧૭૪ એડી. મુજબ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

## પ્રાંતિજ ખાતે યોગ કાર્યક્રમ યોજાયો



પ્રાંતિજ, તા.૨૧

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ ખાતે પણ વિશ્વ યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં શાળા કોલેજો સહિત ફેકટરીઓમાં યોગ કાર્યક્રમો યોજાયા હતા. પ્રાંતિજ સહિત તાલુકામાં આવેલ શાળા કોલેજો સહિત ફેકટરીઓમાં વિશ્વ યોગ દિવસ નિમિત્તે યોગ કાર્યક્રમો યોજાયા હતા. જેમાં શેઠ.પી.એન્ડ આર હાઈસ્કૂલ, અવરઓન સ્કૂલ, ચિત્રણી નર્સિંગ કોલેજ, એશિયન ગ્રેનીટો ઈન્ડિયા લિમિટેડ કંપની, તથા પ્રાંતિજ અંબર્ટો સિરામીકસ ઈન્ટરનેશનલ પ્રા.લી કંપની ખાતે પણ યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં હરીશભાઈ જે. સૈયદ, રમાકાન્ત દાસ, વાયા રવિન્દ્ર, એસ સતીષ કુમાર સહિત કંપનીમાં કામ કરતા કર્મચારીઓને સહિત કુલ-૨૦૨ વ્યક્તિઓમાં ૧૪૮ પુરુષો અને ૫૪ મહિલાઓએ યોગ કર્યા હતા જયારે પ્રિય મુલાણી દ્વારા તથા જી. સેસુ દ્વારા યોગ કરાવવામાં આવ્યાં હતાં જયારે સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન વિશ્વેશ્વર ગોસ્વામી દ્વારા કરવામાં આવ્યું હતુ.

## તારંગા હિલ ખાતે યોગ દિવસની ઉજવણી કરાઈ



મહેસાણા, તા. ૨૧

જિલ્લા કલેકટર આલોક કુમારના માર્ગદર્શનથી તારંગા ખાતે યોગ દિવસની ઉજવણી કરાઈ હતી. તારંગા હિલસ્ટેશન અને જૈનો માટે આસ્થાનું કેદ્ર હોવાની સાથે-સાથે રમણીય પર્યટન સ્થળ છે. જેના કારણે તારંગા હિલ સ્ટેશન પ્રવાસીઓ માટે આકર્ષણનું કેદ્ર બન્યું છે. જેથી લોકો દૂર-દૂરથી આવતા હોય છે. અહીંનું વાતાવરણ કુદરતી હોવાથી કુદરતના ખોળામાં આવી ગયાં હોય તેવો પ્રવાસીઓ અનુભવ કરી રહ્યા છે. તારંગાહિલ ખાતે યોગ અભ્યાસનો અનોખો કાર્યક્રમ યોજાયો હતો.

તારંગા હિલની ચારો તરફ લીલોતરીને અને યોગ નિદર્શનો અદભુત નજારો જોવા મળ્યો હતો. તારંગા હિલ ખાતે યોગઅભ્સાયુઓએ જણાવ્યું હતું કે પર્વતોની વચ્ચે કુદરતના ખોળામાં બેઠા હોઈ તેવો અનુભવ કરી રહ્યા છે. પ્રકૃતિના શોખીન હોય તેમના માટે તો આ સ્થળ અતિ સુંદર અને રમણીય હોવા સાથે આનંદ આપનારૂ છે.

જિલ્લા કલેકટર આલોક કુમારે જણાવ્યું હતુ કે તારંગા હિલમાં થયેલ યોગા અભ્યાસ પ્રકૃતિ સાથે સીધો સંબધ ધરાવતો અભ્યાસ બન્યો છે. છેલ્લા બે વર્ષથી તારંગા હિલ ખાતે યોગ અભ્યાસનું આયોજન કરવામાં આવે છે.

### ઉનાવા ખાતે સોમવારે સર્વરોગ નિશુલ્ક નિદાન સારવાર કેમ્પ યોજાશે

મહેસાણા, તા. ૨૧

મહેસાણા જિલ્લાના ઉંઝા તાલુકા ઉનાવા ખાતે તારીખ ૨૬-૬-૨૦૧૬ને સોમવારના રોજ શારદાબા ચેરીટેબલ ટ્રસ્ટ ઉનાવા દ્વારા સર્વરોગ નિશુલ્ક નિદાન કેમ્પનું આયોજન નંદબા બ્રહમસમાજની વાડી ખાતે સવારે ૯ કલાકથી કરાયું છે. સ્વ શ્રીમતી શારદાબહેન રામશંકર રાવલની આઠમી પુણ્યતિથિએ તાલુકા આરોગ્ય કચેરી ઉંઝા અને અંબાલાલ ઉમિયાશંકર રાવલ પરિવારના સંયુક્ત ઉપક્રમે કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ સર્વરોગ નિદાન કેમ્પમાં ફિઝીશીયન, સ્ત્રીરોગ નિષ્ણાત, બાળરોગ નિષ્ણાત, નેત્રરોગ નિષ્ણાત સહિત નિષ્ણાત ડોકટરો દ્વારા તપાસ કરવામાં આવનાર છે. આ નિદાન કેમ્પમાં ડો.પી.કે. રાવલ. ડો. ઈશના શાહ, ડો. કલગી શાહ, ડો. શુક્લાબહેન રાવલ, ડો. ધર્મેન્દ્ર પટેલ ઉપસ્થિત રહેનાર છે.



**ખેડબ્રહ્મામાં રથયાત્રા પૂર્વે ભગવાન મોસાળમાં પધાર્યા**

ખેડબ્રહ્મા, તા. ૨૧

ખેડબ્રહ્મામાં અષાઢી બીજની રથયાત્રા પૂર્વે ભગવાન જગન્નાથજી મંગળવારે સવારે રાધાકૃષ્ણ મંદિરમાંથી વાજતે ગાજતે મોસાળ હસમુખલાલ તુલસીદાસ મોદીના નિવાસસ્થાને પધાર્યા હતા. જ્યાં મોદી પરિવારે ભગવાનનુ ભવ્ય સ્વાગત કર્યુ હતુ. રવિવારે નીકળનારી રથયાત્રા પૂર્વે ભગવાન અમાસ સુધી મોસાળમાં રહશે. આ દિવસો દરમ્યાન રોજ રાત્રે ગોપી મંડળની બહેનો ભજનની રમઝટ બોલાવશે. મોસાળમાંથી ભગવાન શનિવારે નીજ મંદિરમાં પધારશે અને રવિવારે ભગવાન ભાઈ બલભદ્ર અને બહેન સુભદ્રા સાથે જગને દર્શન આપવા સુંદર રથમાં બીરાજી નગર પરિક્રમાએ નીકળશે. ભગવાનને મોસાળમાં પધારવાના પ્રસંગે મંદિર ટ્રસ્ટના ટ્રસ્ટીઓ સમિતિના સભ્યો, ગોપી મંડળની બહેનો તથા મોટી સંખ્યામાં વૈષ્ણવો ઉપસ્થિત રહ્યા હતા.

## ખેડબ્રહ્મામાં ફાસ્ટફૂડની દુકાનમાં આગ

ખેડબ્રહ્મા, તા. ૨૧

ખેડબ્રહ્મા શહેરના લક્ષ્મીપુરા ચાર રસ્તા પર આવેલ ફાસ્ટફૂડની દુકાનમાં મંગળવાર સવારના શોર્ટસર્કીટથી આગ લાગી હતી. દુકાન બંધ હોવાથી ધુમાડા નિકળતા આજુબાજુના રહીશો આવી જતા દુકાનદારને જાણ કરી હતી અને ડોલ વડે પાણીનો છંટકાવ કરી આગ પર કાબુ મેળવવામાં આવ્યો હતો. દુકાનમાં આગ લાગવાથી અંદાજીત ૧૦ હજાર જેટલુ નુકસાન થવા પામ્યુ હતુ.



## બાયડમાં લાકડાના વેપારી પિતા-પુત્રો અને ટોળાએ મહીસાગરના ફોરેસ્ટ કર્મચારીઓ પર હુમલો કર્યો

બાયડ, તા. ૨૧

અરવલ્લી જીલ્લાના બાયડમાં મહીસાગરના આરએફઓ અને ૭ કર્મચારીઓ ઉપર લાકડાના વહેપારી અને ૧૦૦ લોકોના ટોળા ધ્વારા હુમલો કરવામાં આવતા મહીસાગરના ફોરેસ્ટ કર્મચારીઓ ધ્વારા બાયડ પોલીસ મથકમાં ફરિયાદ દાખલ કરવામાં આવી છે.

અરવલ્લી જીલ્લા અને મહીસાગર જીલ્લાની સરહદે મહીસાગર જીલ્લાના ફોરેસ્ટ અધિકારીઓ તપાસમાં ઉભા રહ્યા હતા તે દરમ્યાન એક લાકડાની ટ્રક ત્યાંથી પસાર થઈ રહી હતી. તેને ઉભી રાખવાની કોશિશ કરતા ટ્રક ઉભી રહી હતી નહી. જેથી આ અધિકારીઓ ધ્વારા લાકડા ભરેલી ટ્રકનો પીછો કરવામાં આવ્યો હતો અને બાયડમાં ઉભી રહી હતી. જ્યાં આ અધિકારીઓ ધ્વારા ટ્રકનો કબજો લેવા જતા લાકડાના વહેપારી જસુભાઈ અને તેમના સુપુત્ર દુર્ગા અને ૧૦૦ લોકોના ટોળા ધ્વારા ફોરેસ્ટ કર્મચારીઓ ઉપર હુમલો કરાયો હતો સાથે લાકડાના વહેપારી ધ્વારા ફોરેસ્ટના ગાર્ડ પાસેથી બંદુક પણ છીનવી લેવાની કોશીસ કરવામાં આવી હતી અને ટોળા ધ્વારા કર્મચારીઓને ઘેરી લેવામાં આવતા સમગ્ર વાતાવરણ તંગ બન્યું હતું આખરે પોલીસને જાણ કરાતા પોલીસ ઘટનાસ્થળ પર આવી સમગ્ર પરિસ્થિતિ પર અંકુશ મેળવી ફોરેસ્ટ અધિકારીની ફરિયાદ નોધી આરોપીઓને પકડવા ચક્રો ગતિમાન કર્યા હતા.



### ફરજ પરના આરએફઓની ફેટ પકડી ગાળો બોલવામાં આવી

બાયડના બેફામ બનેલા લાકડાના વેપારી દ્વારા ગેરકાયદરસર વૃક્ષોનું નિકંદન કરી અને ગાડી પસાર કરતા હતા તે સમયે મહીસાગરના અધિકારીઓ દ્વારા ગાડી ચેક કરવા ઉભી રાખવાની કોશિશ કરવામાં આવૈ હતી પણ ગાડી ઉભી ના રાખતા પીછો કરી બાયડ આવતા આ અધિકારી અને લાકડાના વેપારીના માણતીયાઓ દ્વારા આ અધિકારીઓ પર હુમલો કરવામાં આવ્યો હતો અને આ માથાભારે વેપારી દ્વારા આરેએફઓની ફેટ પકડી હુમલો કરવામાં આવ્યો હતો.

### બાયડ તાલુકામાં વિરપ્પનો બેફામ

બાયડ તાલુકામાં છેલા કેટલાય સમયથી વિરાપ્પનો અને જંગલ ખાતાના કેટલાક ભ્રષ્ટ અધિકારીઓની મિલી ભગતના કારણે સરેઆમ લીલાછમ વૃક્ષોનું નિકંદન કરવામાં આવી રહ્યું છે ત્યારે જો આ વિરાપ્પનો સામે અરવલ્લી જીલાના ડીએફઓ કડક પગલાં લે તો ભવિષ્યમાં અધિકારીઓ પર થતા આવા હુમલા અટકી શકે તેમ છે.

## ભિલોડા ખાતે આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીનો કાર્યક્રમ



ભિલોડા,તા.૨૧

ભિલોડા એન.આર.એ. વિદ્યાલયના મેદાનમાં ૨૧જુન તૃતીય આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીનો કાર્યક્રમ યોજાયો હતો. સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા તાલુકામાં તા.૨૧મી જુન આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીનો કાર્યક્રમ ધામધુમ પુર્વક ઉજવવામાં આવ્યો હતો. પ્રાથમીક શાળાઓ અને માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓ, અધિકારીઓ, પદાધિકારીઓ, સામાજીક કાર્યકરો, જાગૃત પ્રજાજનોએ આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી નિમિત્તે યોગ કરી ઉજવણી કરી હતી.

જન સેવા સંઘ સંચાલિત એન.આર.એ. વિદ્યાલયના મેદાનમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીનો કાર્યક્રમ યોજાયો હતો. મામલતદાર જી. કે. પટેલ, ટી.ડી.ઓ. રાકેશભાઈ પટેલ, પતંજલી યોગ સમિતીના હોદેદારો, કાર્યકરો, જીલ્લા પ્રભારી ઉર્વશીબેન બરંડા, તાલુકા પ્રભારી હસમુખભાઈ બરંડા, ગુણવંતભાઈ ત્રિવેદી, ભિલોડા ગ્રામ પંચાયત પુર્વ સરપંચ મનોજભાઈ પટેલ, જન સેવા સંઘ પ્રમુખ ગીરીશભાઈ ઉપાધ્યાય, ઉપપ્રમુખ રોહિતભાઈ ત્રિવેદી, કમલેશભાઈ મહેતા, શ્રધ્ધાબેન જોષી, રાજેશભાઈ નિનામા, એન.આર.એ. વિદ્યાલય ના વિદ્યાર્થીઓ, ગ્રામજનો, અધિકારીઓ, પદાધિકારીઓ સહિત જાગૃત પ્રજાજનોએ ૨૧મી જુન તૃતીય આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી નિમિત્તે મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી યોગ કર્યા હતા. ભિલોડા પતંજલી યોગ સમિતીના હોદેદારો, કાર્યકરોએ ૨૧મી જુન તૃતીય આંતરરાષ્ટ્રીય યોગ દિનની ઉજવણીના કાર્યક્રમનો સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.